# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

***************************************************

1. સરકારના વડા તરીકે દેશની સેવામાં 25-મા વર્ષમાં પ્રવેશ કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોનો આભાર માન્યો
2. આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ 24 હજાર 634 કરોડ રૂપિયાની ચાર રેલવે પરિયોજનાને મંજૂરી આપી
3. કેન્દ્ર સરકારે હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાન માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ હેઠળ 903 કરોડ રૂપિયા મંજૂર કર્યા
4. અમેરિકાના ત્રણ વૈજ્ઞાનિકે વર્ષ 2025નો ભૌતિકવિજ્ઞાનનો નૉબેલ પુરસ્કાર જીત્યો
5. ભારતનાં લિન્થોઈ ચાનમબમે પેરુમાં જૂડો જૂનિયર વૈશ્વિક સ્પર્ધામાં ભારતને પહેલો ચંદ્રક અપાવી ઇતિહાસ રચ્યો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM 25 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશમાં ગત 11 વર્ષમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યા છે. મહત્વના પ્રયાસથી મહિલાઓ, યુવા ખેડૂતો સશક્ત બન્યા અને 25 કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનું શ્રી મોદીએ ઉંમેર્યું. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં તેમણે કહ્યું, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતનું મહત્વનું સ્થાન છે.

સરકારનો ઉદ્દેશ દરેક ક્ષેત્રમાં દેશને આત્મનિર્ભર બનાવવાનો હોવાનો શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો. તેમણે સરકારના વડા તરીકે દેશની સેવામાં 25-મા વર્ષમાં પ્રવેશ કરવા બદલ લોકોનો આભાર પણ માન્યો. સાંભળીએ એક અહેવાલ.

(V/C- VAISHNAVI BEN)

. . . . . . . . . . . . .

# CABINET DECISIONS

આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ 24 હજાર 634 કરોડ રૂપિયાની ચાર રેલવે પરિયોજનાને મંજૂરી આપી છે. તેમાં ભુસાવલ—વર્ધામાં ત્રીજી અને ચોથી, ગોન્દિયા—ડોંગરગઢમાં ચોથી, વડોદરા—રતલામની ત્રીજી અને ચોથી લાઈન તથા ઇટારસી—ભોપાલ—બીનામાં ચોથી રેલવેલાઈનનો સમાવેશ થાય છે. આ ચાર બહુમાર્ગીય પરિયોજના મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ,

ગુજરાત અને છત્તીસગઢના 18 જિલ્લાને આવરી લેશે. આ પરિયોજનાથી ભારતીય રેલવેનું વર્તમાન જોડાણ અંદાજે 894 કિલોમીટર વધી જશે.

નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ આ અંગે માહિતી આપતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, પરિયોજનાથી 85 લાખથી વધુ વસતિ ધરાવતા અંદાજે ત્રણ હજાર 633 ગામ અને બે મહત્વાકાંક્ષી જિલ્લાઓ સુધી સંપર્ક સુવિધા વધશે. કોલસા, કન્ટેનર, સિમેન્ટ, ખાદ્યાન્ન અને સ્ટીલ જેવી વસ્તુઓના પરિવહન માટે આ એક જરૂરી માર્ગ હોવાનું પણ શ્રી વૈષ્ણવે ઉંમેર્યું.

**(BYTE: ASHWINI VAISHNAW)**

. . . . . . . . . . . . .

# CENTRE NDRF

કેન્દ્ર સરકારે હરિયાણા, મધ્યપ્રદેશ અને રાજસ્થાન માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ હેઠળ 903 કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી છે. તેનો ઉપયોગ અગ્નિશમન સેવાઓના વિસ્તરણ અને તેને આધુનિક બનાવવા કરાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરની સમિતિએ આ રકમને મંજૂરી આપી છે. સમિતિએ આસામ અને ગુજરાત માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી 707 કરોડ રૂપિયાની વધારાની કેન્દ્રીય સહાયને પણ મંજૂરી આપી છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પ્રાકૃતિક આપત્તિઓ દરમિયાન રાજ્ય સરકારોને શક્ય તમામ

મદદ પૂરી પાડી રહી છે. વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન કેન્દ્ર સરકારે 27 રાજ્યને રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ હેઠળ 603 કરોડ રૂપિયા અને 12 રાજ્યને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળ હેઠળ બે હજાર કરોડ રૂપિયા આપ્યા છે.

. . . . . . . . . . . . .

## PREZ ARMED FORCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, દેશના સશસ્ત્ર દળોએ ઑપરેશન સિન્દુર દરમિયાન એકતા અને વ્યૂહાત્મક દૂરંદેશીની શક્તિનું પ્રદર્શન કર્યું. તેમણે કહ્યું, ત્રણ સેનાએ સંતુલિત કાર્યવાહીથી નિયંત્રણ રેખા પાર આતંકવાદી માળખાને ધ્વસ્ત કરી દીધું હતું. રાષ્ટ્રપતિ મુર્મૂએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે 65-મા રાષ્ટ્રીય સંરક્ષણ મહાવિદ્યાલય અભ્યાસક્રમ વિદ્યાશાખાના સભ્યોને સંબોધતા કહ્યું, લશ્કરી માળખા અને સંકલિત યુદ્ધ સમૂહની સ્થાપના સાથે સેનાઓના પુનર્ગઠનના પ્રયાસ યથાવત્ છે.

. . . . . . . . . . . . .

## REV VP MEETING

ઉપ-રાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને આજે સંસદ ભવન ખાતે રાજ્યસભામા વિવિધ રાજકીય પક્ષ સાથે બેઠક યોજી. ગયા મહિના રાજ્યસભાના સભાપતિનું પદ ગ્રહણ કર્યા બાદ તેમના

પક્ષના નેતાઓ સાથે આ પહેલી બેઠક હતી. બેઠકનો ઉદ્દેશ યોગ્ય ચર્ચાને પ્રોત્સાહિત કરવાના પ્રકાર અંગે ચર્ચા કરવી અને ગૃહની કાર્યવાહીના કુશળ સંચાલન માટે સભ્યોના વિચારને જાણવાનો હતો.

રાજ્યસભામાં ગૃહના નેતા જગત પ્રકાશ નડ્ડા, સંસદીય કાર્ય રાજ્યમંત્રી અર્જૂનરામ મેઘવાલ અને ડૉક્ટર એલ. મુરુગન, કૉન્ગ્રેસ નેતા પ્રમોદ તિવારી, ડીએમકે નેતા તિરૂચિ શિવા, સમાજવાદી પક્ષના નેતા રામગોપાલ યાદવ, C.P.I.M.ના જૉન બ્રિટાસ, અસમ ગણ પરિષદના બિરેન્દ્ર પ્રસાદ બૈશ્ય, આમ આદમી પાર્ટીના સંજય સિંહ, R.L.Mના ઉપેન્દ્ર કુશવાહા તથા અન્ય રાજકીય પક્ષના નેતાઓએ ભાગ લીધો.

. . . . . . . . . . . . .

## REV RAJNATH DEFENCE SECTOR

સરકારે વર્ષ 2029 સુધી ત્રણ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ઉત્પાદન અને 50 હજાર કરોડ રૂપિયાના સંરક્ષણ નિકાસનો લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે નવી દિલ્હીમાં સંરક્ષણ નિર્માણમાં તક અંગે યોજાયેલા સંમેલનને સંબોધતા આ વાત કહી. તેમણે દેશનું સંરક્ષણ ઉત્પાદન એક લાખ 50 હજાર કરોડ રૂપિયાથી વધુના વિક્રમી સ્તરે પહોંચ્યું છે. જ્યારે વર્ષ 2014માં આ માત્ર 46 હજાર કરોડ રૂપિયા હતું. તેમણે સંરક્ષણ નિકાસ પણ 24 હજાર કરોડ રૂપિયાથી વધી હોવાનું જણાવ્યું.

**(બાઈટ – રાજનાથ સિંઘ, સંરક્ષણ મંત્રી)**

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# NOBEL PHYSICS

અમેરિકાના ત્રણ વૈજ્ઞાનિકે ચિપનો ઉપયોગ કરીને ક્વાન્ટમ ભૌતિકવિજ્ઞાનને ક્રિયામાં દર્શાવતા ક્રાંતિકારી પ્રયોગ બદલ વર્ષ 2025નો ભૌતિકવિજ્ઞાનનો નૉબેલ પુરસ્કાર જીત્યો છે. આ કામથી ક્વાન્ટમ કમ્પ્યૂટર, ક્વાન્ટમ સૅન્સર અને ક્વાન્ટમ ક્રિપ્ટોગ્રાફીમાં વિકાસનો માર્ગ મોકળો થયો છે. પુરસ્કાર વિજેતા જૉન ક્લાર્ક, મિશેલ ડેવોરેટ અને જૉન માર્ટિનિસના કેલિફૉર્નિયા વિશ્વ-વિદ્યાલય અને યેલ વિશ્વ-વિદ્યાલય સાથે જોડાયેલા છે.

આ શોધથી ક્વૉન્ટમ અસરો મેક્રો-સ્કોપિક સ્કેલ પર પણ અસ્તિત્વમાં હોઈ શકે છે તેની પુષ્ટિ કરી છે. રૉયલ સ્વીડિશ વિજ્ઞાન અકાદમીએ ત્રણેય વૈજ્ઞાનિકને એક કરોડ 10 લાખ સ્વીડિશ ક્રૉનરનો પુરસ્કાર આપ્યો. નિષ્ણાતોએ આ સિદ્ધિને ક્વાન્ટમ ટૅક્નોલૉજીને સતત વિકાસમાં એક

મહત્વનું પગલું ગણાવ્યું, જે સમગ્ર વિશ્વમાં ડિજિટલ પ્રણાલિઓને બદલી શકે છે.

. . . . . . . . . . . . .

# REV FICCI FRAMES MUMBAI

ભારતીય વેપાર અને ઉદ્યોગ મહામંડળ – ફિક્કી ફ્રેમ્સના રજત જયંતી સંસ્કરણનું આજે મુંબઈમાં ઉદ્ઘાટન થયું. આ કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજૂ અને અભિનેતા આયુષ્માન ખુરાના પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જાજૂએ ઉદ્ઘાટન સમારોહમાં ગત 25 વર્ષમાં માધ્યમ અને મનોરંજન ઉદ્યોગના નોંધપાત્ર વિકાસ અંગે ચર્ચા કરી. તેમણે કહ્યું, આ ઉદ્યોગ 10 ગણો વધીને બે લાખ 50 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે.

આ પ્રસંગે વિશ્વ શ્રાવ્ય-દ્રશ્ય અને મનોરંજન સંમેલન – વેવ્ઝ ઑટીટી મંચ અંગે પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ કહ્યું, મંચનો ઉદ્દેશ તમામ ભારતીય વિષયસામગ્રીને એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવવાનો છે. તેમણે આ મંચ પ્રસાર ભારતીના સમૃદ્ધ વારસા અને પરંપરા પર આધારિત હોવાનું જણાવ્યું.

. . . . . . . . . . . . .

# JUDO JUNIOR WORLD CHAMPIONSHIP

ભારતનાં લિન્થોઈ ચાનમબમે પેરુમાં જાપાની માર્શલ આર્ટ એટલે કે, જૂડો જૂનિયર વૈશ્વિક સ્પર્ધામાં ભારતને પહેલો ચંદ્રક અપાવી ઇતિહાસ રચ્યો છે. લિન્થોઈએ મહિલાઓના 63 કિલો વજન વર્ગમાં નેંદરલેંન્ડ્સનાં જોની જિલિયનને હરાવી કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

. . . . . . . . . . . . .

## WOMEN CRICKET ENG BANGLADESH

મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં આજે ઇંગ્લેંન્ડ અને બાંગ્લાદેશ વચ્ચે મેંચ રમાઈ રહી છે. આસામમાં ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મેંચમાં ઇંગ્લેંન્ડે ટૉસ જીતીને પહેલા બૉલિંગ પસંદ કરી. બાંગ્લાદેશની ટીમ 49 ઑવર ચાર બૉલમાં 178 રન બનાવીને આઉટ થઈ ગઈ છે. ટીમમાંથી સૌથી વધુ 60 રન શોભના મોસ્તરીએ બનાવ્યાં હતાં.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, ઇંગ્લેંન્ડની ટીમે 17 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 67 રન બનાવ્યાં છે.

. . . . . . . . . . . . .